ભાજપ ગુજરાતમાં ત્રણ ચતુર્થાંશ બહુમતી મેળવશે

કોંગ્રેસ પાર્ટીને માત્ર પરાજિત નહી બુથમાંથી મૂળ સાથે ઉખાડી ફેંકીશું : સોમનાથમાં ભાજપની પ્રદેશ કારોબારીના સમાપનનાં પ્રસંગે શાહની ભાજપ કાર્યકરોને હાકલ : ગુજરાતમાં ભાજપનો વિજય નિશ્ચત હોવાનો દાવો કરાયો

અમદાવાદ, તા.૨૨

ગુજરાત વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસને માત્ર પરાજીત કરવાની નથી પરંતુ તેને બુથમાંથી મૂળ સાથે ઉખાડી ફેંકવાની છે. આ વખતની ચૂંટણીઓમાં આપણું લક્ષ્ય માત્ર સરકાર બનાવવાનું નથી પરંતુ વિરોધીઓના હાંજા ગગડી જાય તેટલી બેઠકો પર વિજય પ્રાપ્ત કરવાનું છે એ મતલબનો હુંકાર આજે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે કર્યો હતો. સોમનાથ ખાતે ભાજપની પ્રદેશ કારોબારીના સમાપન પ્રસંગે ભાજપ કાર્યકરો અને પદાધિકારીઓને હાકલ કરતાં શાહે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં ભાજપનો વિજય નિશ્ચિત હોવાનો દાવો કર્યો હતો. શાહે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ વખતે પણ ભાજપની સરકાર તો બનવાની જ છે પરંતુ ઉત્તરપ્રદેશ કરતાં પણ ચઢિયાતા પરિણામો મેળવવાના છે. ૨૦૧૪ પછી છ મહિને, વર્ષે, બીજા વર્ષે અને સમયાંતરે ચૂંટણીઓ આવતી ગઇ અને ભાજપના નેતૃત્વનો વિજય થતો ગયો તેમ તેમ જનસમર્થન વધતુ ગયું. એટલે સુધી પ્રચંડ વિજયની વ્યાખ્યા જ બદલાઇ ગઇ. પ્રજાના મતે મોટો વિજય એટલે, બે તૃત્યાંશ બહુમતી નહી પરંતુ ત્રણ ચતુર્થાંશ બહુમતી એ નવી સંકલ્પના ભારતીય રાજકારણમાં આવી. ભાજપનો આ વિજય રથ ફરતો ફરતો ગુજરાત અને હિમાલયમાં આવવાનો છે અને આ દિગ્વિજયી સફળતાનું રહસ્ય હોય તો તે ગુજરાતમાં નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં રાજય સરકારે કરેલા પ્રજાના કાર્યો છે. નરેન્દ્ર મોદી માત્ર ભાજપના જ નહી, દેશના નહી પરંતુ સમગ્ર વિશ્વના લોકપ્રિય નેતા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે ગુજરાતમાં કોંગ્રેસનો બિલકુલ સફાયો કરવાની હાકલ કરતાં કાર્યકર્તાઓને જણાવ્યું કે, આપણે પ્રત્યેક બુથ કોંગ્રેસમુકત બનાવવાનું છે. તમે સૌ અર્જુન બની, ગાંડીવ ઉઠાવો...આપણો વિજય નિશ્ચિત છે. પક્ષ પ્રત્યે નિષ્ઠાવાન એવા હજારો કાર્યકર્તાઓના સંગઠનની મદદથી ગુજરાતમાં ૧૫૦થી વધુ બેઠકો આપણે સરળતાથી જીતીશું. આ માટે કરોડો ગુજરાતીઓનો સાથ અને ઈશ્વરના આશીર્વાદ આપણી સાથે છે. તેમણે ઉમેર્યું કે, ૧૦ સભ્યોથી શરૂ થયેલી ભાજપની યાત્રામાં આજે ૧૧ કરોડ કરતાં પણ વધુ સભ્યો-કાર્યકર્તાઓ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં છેલ્લા ત્રણ વર્ષમાં અનેકવિધ ૧૨૭ યોજનાઓ થકી દેશમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. ભાજપની બે દિવસની કારોબારી બેઠકમાં ગઈકાલે પણ મહત્વપૂર્ણ વિષય પર ચર્ચા વિચારણા કરાઈ હતી. જેમાં ભાજપના દેખાવના મુદ્દા ઉપર ચર્ચા થઈ હતી. ગુજરાતમાં ૧૫૦થી વધુ બેઠક જીતવાના ઈરાદા વચ્ચે ભાજપની ગઈકાલે સોમનાથમાં પ્રદેશ કારોબારીની બેઠક શરૂ થઈ હતી. કારોબારીના પ્રથમ દિવસે જ ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ પોતાના સંબોધનમાં દાવો કર્યો હતો કે ગુજરાતમાં પ્રચંડ બહુમતી સાથે ભાજપ જીત મેળવશે. કોંગ્રેસ પાર્ટી પાસે કોઈ મુદ્દા નથી.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, અરૂણોદય ટ્રસ્ટ અને સદ્‌વિચાર પરિવાર દ્વારા અરવલ્લી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ૨૦૦૦થી વધુ બાળકોની ચરણ સેવા કરાઈ હતી. અંગદઝાડતી ગરમીમાં ગરીબ અને આદીવાસી વિસ્તારના બાળકોને પગરખાં આપવાનું સેવાકાર્ય કરાયું હતું.

સોમનાથ સહિત ૮ યાત્રાધામ પર ૨૪ કલાક સફાઈકામ થશે

અમદાવાદ, તા.૨૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત સરકારનાં મહત્વાકાંક્ષી અભિયાન સમાન રાજયનાં આઠ યાત્રાધામોને ૨૪ કલાક સ્વચ્છ રાખવાનાં ભગીરથ કાર્યનો પ્રારંભ સોમનાથથી કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ યાત્રાધામ વિકાસ બોર્ડની અદ્યતન વેબસાઈટ અને યાત્રાધામ અભિયાનનાં લોગાનું અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે તેઓએ કહ્યું કે, યાત્રાધામોને ૨૪ કલાક સ્વચ્છ રાખવા ઉચ્ચ કક્ષાની સફાઈ કામગીરી રાષ્ટ્રીયકક્ષાની એજન્સીઓને આપીને ગુજરાતનાં યાત્રાધામોને સંપૂર્ણ સ્વચ્છ રાખવાનું આ વિરાટ કદમ છે. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, સામાન્યતઃ યાત્રાધામોનાં સ્થળોએ સારામાં સારી સ્વચ્છતા રહે તેવી અપેક્ષા યાત્રીકો દ્વારા રાખવામાં આવતી હોય છે. આ માટે રાજય સરકારે સમગ્ર ભારતમાં એક પહેલ કરીને સ્વચ્છતાનું વિરાટ પગલું ભર્યું છે. માત્ર મંદિરો જ નહી પરંતુ મંદિરોને જોડતા રસ્તા અને પરિસરને પણ સ્વચ્છ રખાશે. સોમનાથ, દ્વારકા, ગીરનાર, અંબાજી સહિત આઠ તિર્થ સ્થળોનો આ પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સોમનાથમાં ૧.૮૬ લાખ ચો.મીટર અભિયાનમાં જોડાવાની ગુજરાતની સર્વગ્રાહી પહેલથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલી કલ્પના ગુજરાતમાં સાકાર થશે. યાત્રાધામોની સ્વચ્છતા જોઈ યાત્રાળુઓ ગુજરાતમાં બ્રાન્ડ એમ્બેસેડર બનશે તેમ પણ કહ્યું હતું. સોમનાથથી થતું શરૂ થતું કોઈપણકાર્ય સફળ થાય છે, તેમ કહી મુખ્યમંત્રીએ સ્વચ્છતાનું આ કાર્ય પણ ઝડપભેર થઈ રહી છે, તેમ જણાવી પાવાગઢ, પાલીતાણા, અંબાજી, દ્વારકા, ડાકોર અને શામળાજી તિર્થ સ્થળોનાં વિકાસની રૂપરેખા પણ આપી હતી.

દેત્રોજમાં દિવાની અને ફોજદારી કોર્ટ શરૂ થઈ

અમદાવાદ જિલ્લાના દેત્રોજ ખાતે નવનિર્મિત દિવાની અને ફોજદારી અદાલતનું ઉદઘાટન આજે અમદાવાદ રૂરલના પ્રિન્સિપલ ડિસ્ટ્રીકટ જજ ડૉ.એસી જોષીએ કર્યું હતું. ડિસ્ટ્રીકટ જજએ આ પ્રસંગે જણાવ્યું કે, કાયદાનો હેતુ લોકોને ઘર આગણે ઝડપી ન્યાય અપાવવાનો છે. તેમણે કહ્યું કે, વિરમગામ તાલુકામાંથી માંડલ અને આજે દેત્રોજ કોર્ટની શરૂઆત થઈ છે તે આનંદનો અવસર છે. દેત્રોજ ખાતે કોર્ટ કાર્યરત થતાં દેત્રોજના નાગરિકોને વિરમગામ સુધી ધક્કા ખાવામાંથી મુક્તિ મળશે અને દેત્રોજના ઘર આંગણે જ ન્યાય ઉપલબ્ધ થશે. દેત્રોજ બાર એસોસિએસનના સંભવિત પ્રમુખ પીકે ઠાકોરે સૌને આવકારી સ્વાગત પ્રવચન કર્યું હતું. વિરમગામ તાલુકા બાર એસોસિએસનના પ્રમુખ એસકે વોરાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

આ પણ વાંચીએ...

રોબર્ટે કર્યુ દર્દીનું ઓપરેશન

પેટના ભયાનક દુઃખાવાથી પીડાતા એક દર્દીની સર્જરી અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં કરવામાં આવી. આ દર્દીની બીમારી દુર્લભ પ્રકારની હતી. ડૉક્ટર માટે ઓપરેશન કરવુ કઠીન હતુ. આવા સમયે રોબર્ટની મદદથી દર્દ વગર સફળ ઓપરેશન કરાયુ હતુ.

આ વ્યક્તિ છેલ્લા ૨૫ વર્ષથી પાંદડાઓ ખાઈ જીવન ગુજારે છે

પાકિસ્તાનના પંજાબ પ્રાંતના ગુજરાવાલાના નિવાસી ૫૦ વર્ષિય મહમૂદ અહમદ ભોજનમાં છેલ્લા ૨૫ વર્ષથી પાંડદાઓ ખાય છે. મહમૂદ અહમદનું બાળપણ ખુબ જ ગરીબીમાં વીત્યુ. ઘોડાગાડી ચલાવવાના તેઓના વ્યવસાયની સાથે ભૂખ લાગે ત્યારે પાંદડાઓ ખાઈ લેવાની તેઓની મજબુરી હવે આદત બની ગઈ છે.

ત્રણ દિવસ માટીમાં દબાયેલુ બાળક જીવીત રહ્યું

'રામ રાખે તેને કોણ ચાખે' આ કહેવત દક્ષિણ આફ્રિકામાં સાચી સાબીત થઈ છે. અહીંના એક વિસ્તારમાં રહેતી મહિલાના માતાપિતા તે બીજીવાર માબને તેવુ ઈચ્છતા ન હોવાથી મહિલાએ પોતાના તાજા જન્મેલા બાળકને જીવતુ જ દાટી દીધુ હતુ. આ બાળક એક વ્યક્તિને ત્રણ દિવસ બાદ જીવીત હાલતમાં મળતા તેને હોસ્પિટલમાં દાખલ કરાયુ હતુ.

ગરમીને પગલે સીબીએસઈ સ્કુલોમાં વેકેશન

અમદાવાદ શહેરમાં તીવ્ર ગરમીના પરિણામ સ્વરૂપે સીબીએસઈની સ્કુલોમાં વેકેશન એક સપ્તાહ પહેલા પડી ગયું છે. વાલીઓએ સંચાલકો સમક્ષ રજુઆત કર્યા બાદ વહેલીતકે વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. પહેલી મેના દિવસે નિર્ધારીત કાર્યક્રમ મુજબ વેકેશન થનાર હતું જે ૨૨મી એપ્રિલથી જ પડ્યું છે. સીબીએસઈ સ્કુલોમાં પરિણામ જાહેર કરાયા બાદ શૈક્ષણિક વર્ષનો અભ્યાસ શરૂ કરી દેવાય છે અને ત્યાર બાદ ઉનાળુ વેકેશન પડતું હોય છે. હાલમાં સીબીએસઈ સ્કુલોમાં શૈક્ષણિક સત્ર ચાલી રહ્યું છે અને ૧ મેથી સ્કુલોમાં ઉનાળુ વેકેશન પડશે. જોકે, રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી હિટવેવના પગલે લોકોને બપોરના સમયે બહાર નિકળવુ મુશ્કેલ બન્યું છે. ધોમધખતા તાપના લીધે લોકો પણ હિટવેવનો શિકાર બની રહ્યા છે. આ સ્થિતિમાં સ્કુલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય પર અસર થાય તેમ હોઈ વાલીઓએ સ્કુલ સંચાલકો સમક્ષ વેકેશનને લઈ રજુઆત કરી હતી. દરમ્યાન રાજયમાં ભારે ગરમીના લીધે અમદાવાદની કેટલીક સ્કુલોએ ઉનાળુ વેકેશન વહેલા આપી દેવાનો નિર્ણય લીધો છે.

મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્પોરેશનમાં વિભાજિત કરવામાં આવ્યા બાદથી ભાજપે શાનદાર દેખાવ કર્યો છે. વર્ષ ૨૦૧૨માં ભાજપે ઉત્તર અને પૂર્વમાં બહુમતિ મેળવી હતી. જ્યારે દક્ષિણમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી. કોંગ્રેસ પાર્ટી તમામ ત્રણેય જગ્યાએ પાછળ રહી હતી. એએપી એ વખતે મેદાનમાં ન હતી. હાલમાં ભાજપે મહારાષ્ટ્ર, ચંદીગઢ અને ઓરિસ્સામાં સ્થાનિક ચૂંટણીમાં શાનદાર દેખાવ કર્યો હતો.જેથી તેની આશા વધી ગઈ છે. બીજી બાજુ પેટા ચૂંટણીમાં રાજૌરી ગાર્ડન ખાતે એએપીની કારમી હાર થઈ ચુકીછે તેના ઉમેદવારે ડિપોઝીટ ગુમાવી હતી. એએપીને લઈને સામાન્ય લોકો નાખુશ દેખાઈ રહ્યા છે. જેની સીધી અસર એમસીડીની ચૂંટણીમાં જોવા મળી શકે છે. એપીપીમાં આંતરિક મતભેદો દેખાઈ રહ્યા છે. ભાજપ એક દશકથી દિલ્હીની સુધરાઈ પર અંકુશ ધરાવે છે. કોંગ્રેસ, ભાજપ અને એપીપી સિવાય જેડીયુ અને આરજેડીના ઉમેદવાર પણ મેદાનમાં રહેલા છે. જો કે મુખ્ય સ્પર્ધા ત્રિકોણીય રહેનાર છે. ભાજપની પ્રતિષ્ઠા પણ દાવ પર લાગી ગઈ છે. વર્ષ ૨૦૧૫માં દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં એએપીએ જોરદાર સપાટો બોલાવ્યો હતો અને મોટા ભાગની બેઠક જીતી લીધી હતી. ભાજપને ૭૦ બેઠકો પૈકી માત્ર ત્રણ બેઠકો મળી હતી. જો કે હાલમાં પાંચ રાજ્યોમાં યોજાયેલી ચૂંટણી પૈકી એએપીનો કરૂણ રકાસ થયો હતો. એએપીને ગોવામાં પીછેહટનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે પંજાબમાં પણ અપેક્ષા કરતા તેનો દેખાવ નબળો રહ્યો હતો. જેથી પાર્ટીમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ સહિત પાંચ રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ચાર રાજ્યોમાં ભાજપે શાનદાર દેખાવ કર્યા બાદ તથા પેટા ચૂંટણીમાં હાલમાં જ રાજૌરી ગાર્ડન ખાતે ભાજપે જીત મેળવી લીધા બાદ આ ચૂંટણી યોજાઈ રહી છે.કોંગ્રેસ પાર્ટીને પણ નવી આશા દેખાઈ રહી છે.

હુમલાનો ભય

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ લોકો સાધુ અને તાંત્રિક વેશમાં રહે છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં ૨૦-૨૫ યુવાનોને ત્રાસવાદી સંગઠન ભારત- નેપાળ સરહદથી યુપીમાં ઉતારી દેવામાં આવ્યા છે. યુપીમાં ઘુસી ગયા બાદ આ લોકો હિન્દુ બહુમતિ ધરાવતા વિસ્તારમાં ઘુસી ગયા છે. ત્યાં રહે છે. રાજ્યમાં તેમની ગતિવિધી પર નજર રાખવાની જરૂર છે. પોલીસ અને સુરક્ષા દળથી બચવા માટે આ લોકો તેમના નામ હિન્દુ રાખી રહ્યા છે. ભાડાના મકાનમાં રહે છે. અયોધ્યા, કાશી, મથુરા અને અન્ય સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી રહી છે. તાજમેહલ, અલ્હાબાદ, લખનૌ અને અન્યત્ર વિસ્તારોમાં ખાસ સુરક્ષા રાખવાની સુચના આપવામાં આવી છે. તેમના ટાર્ગેટ પર ભરચક વિસ્તારો પણ હોઈ શકે છે. પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈએ હિન્દુ રીતિ રીવાજની તાલીમ આપીને હિન્દુ વસ્તી ધરાવતા વિસ્તારોમાં પ્રવેશ કરાવવા માટે ઓપરેશન કૃષ્ણા ઈન્ડિયાની શરૂઆત કરી હતી. તેના એજન્ટોને પણ તેના જ હિસ્સા તરીકે ગણવામાં આવે છે. આઈએસઆઈની યોજના આ એજન્ટોને સાધુના વેશમાં ધાર્મિક સ્થળો ઉપર સ્થાપિત કરવાની છે. જેથી પોતાનું કામ સરળતાથી કરી શકે. ત્યારબાદ આ લોકો ધાર્મિક વિદ્વેષ ફેલાવવાની સાથે કોઈ મોટી ઘટનાને અંજામ આપવાની રણનીતિ તૈયાર કરી શકે. આ વર્ષે માર્ચ મહિનામાં મધ્યપ્રદેશ, લખનૌ અને કાનપુરમાંથી ધરપકડ કરવામાં આવેલા ઈસ્લામિક સ્ટેટના ખુરાશાન મોડ્યુલ અને માસ્ટર માઈન્ડ ગોસ મોહંમદ પાસેથી પણ ઈન્ટેલિજન્સને મહત્વપૂર્ણ માહિતી મળી હતી.

અપરાધ નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

નહીં કારણ કે આ કાયદાનો દુરૂપયોગ છે. કોર્ટે કાયદાની કલમ ૨૯૫-એના ખોટા ઉપયોગ ઉપર ચિંતા વ્યક્ત કરી છે. અત્રે નોંધનિય છે કે ધાર્મિક ભાવનાઓને ભડકાવવાના મામલામાં આ કલમ હેઠળ આરોપ સાબિત થવાની સ્થિતિમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધીની સજા થઈ શકે છે. સુપ્રિમ કોર્ટની બેચે કહ્યું છે કે બિનઈચ્છિત રીતે, લાપરવાહીથી અથવા તો કોઈપણ ખોટા ઈરાદા વગર ધર્મનું અપમાન થઈ જાય છે તો કોઈ વર્ગ વિશેષની ધાર્મિક ભાવના ઉશ્કેરાઈ જાય છે તો તે કામ કાયદાની આ ધારા હેઠળ આવતું નથી. સુપ્રિમ કોર્ટે આઈપીસીની કલમ ૨૯૫એની મર્યાદાઓને લઈને પણ ટિપ્પણી કરી હતી.

મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

તોડી નાખ્યા હોત તો મને આટલી પીડા પણ ના હોત અને તારી સાથે આ જંગ પણ ના હોત. અને આ તંતુઓ બે જીવ વચ્ચે દેખાતા નથી. પણ હોય છે. જે ઘણી વખત જેને હોય છે એને પણ એ અણસમજને કારણે દેખાતા નથી. આવા સમયે તું ફાવી જાય છે. આવી પરિસ્થિતિનો લાભ તું ઉઠાવી લે છે.

હે નિયતિ, સાચું કહું હવે મારી પાસે સમય ઓછો છે. મારે થોડા વર્ષોમાં અનેક વર્ષોનું કામ કરવાનું છે. તો છેલ્લી તને પણ એક વિનંતી છે કે તારે હવે જે કરવું હોય તે જલદી કર, તું ધીમી ના ચાલ, જે નિર્ણય લેવા હોય તે જલદી લે. હવે કાં ઈસ પાર કા ઉસ પાર. હવે તારે કાંઈ કરવું હોય તે સ્પીડથી કર, હું પૂર્ણરૂપે તારા નિર્ણયનું સ્વાગત કરવા તૈયાર છું.

રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

ઠીક છે વિશ્વભરના મહાપુરુષો અને અઠંગ વાંચનપ્રેમીઓ તો પુસ્તકો અને એના વાંચન વિષે ઘણું કહી ગયા છે પણ હરીફરીને વાત ત્યાં જ આવીને અટકે છે કે આપણે ખરેખર કેટલું વાંચીએ છીએ ? અથવા તો આપણો પુસ્તક પ્રેમ ક્યાં સુધીનો અને કેટલો છે? શું રવિવાર અને બુધવારની પૂર્તિઓથી આગળ પણ કશુક આપણે વાંચીએ છીએ? એટલું જ નહિ પણ વાંચ્યા પછી બીજા લોકોમાં વહેચીયે છીએ? કે કોઈને વાંચવા પ્રોતસાહિત કરીએ છીએ? શોશિયલ મીડિયા પર મફત મળતા પુસ્તકો વાંચ્યા પછી એનો વધુ પ્રસાર ને પ્રચાર કરીએ છીએ? સારા પુસ્તકોની ભલામણ કરીએ છીએ? અને ખાસ તો બાળકોમાં પુસ્તકો અને વાંચનની ભૂખ જગાડવા શું કરીએ છીએ? લાયબ્રેરીઓ, ઓનલાઈન બુક સ્ટોર્સ પુસ્તકોથી છલોછલ છે, બસ જરૂર છે તો સારા અને અસરકારક પુસ્તકો વાંચવાની અને વંચાવડાવાની આદત પાડવાની. પુસ્તક વાંચનથી કશું જ ગુમાવવાનું નથી એ સત્ય છે કારણ કે જ્યારે તમે કોઈ સારું પુસ્તક વાંચો છો, ત્યારે ગમે ત્યાં દુનિયામાં જ્ઞાનરૂપી પ્રકાશનો દરવાજો ખૂલે છે.' વાંચો, વંચાવો અને વાંચનને વહેચવાનો સંકલ્પ કરો એ જ 'પુસ્તક દિવસ' ની સાચી ઉજવણી હશે...!

વિસામો :

ગુજરાતના અનેક શહેરોમાં અને આપણા ગાંધીનગરમાં મહિનાના પ્રથમ રવિવારે સવારે ૭:૩૦-૯;૩૦ કલાકે ઘ-૪ સર્કલે 'પુસ્તક પરબ' નું આયોજન થાય છે, જ્યાં તમે કોઈપણ ૩ પુસ્તકો નિઃશુલ્ક વાંચવા માટે લઈ જઈ શકો છો, એટલું જ નહિ પણ તમારી પાસે રહેલા પુસ્તકોને બીજાના વાંચન માટે ભેટ આપી શકો છો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in